# કોઈ પ્રોજેક્ટને સી.ડી.એમ. (કન્સ્ટ્રક્શન, ડિઝાઈન એન્ડ મેનેજમેન્ટ રેગ્યુલેશન્સ) ક્યારે લાગુ પડે છે? (When does CDM (Construction, Design and Management Regulations) apply to a project?)

સી.ડી.એમ. રેગ્યુલેશનો મોટાભાગનાં સામાન્ય બાંધકામો, સિવિલ એન્જીનિયરીંગ અને એન્જીનિયરીંગ કન્સ્ટ્રક્શન કામોને લાગુ પડે છે. તમારે સાઈટ વિશે એચ.એસ.ઈ.ને જાણ કરવી જરૂરી છે, જો બાંધકામનું કામઃ

- 30 દિવસ કરતાં વધારે લાંબું ચાલવાનું હોય; અથવા
- તેમાં કન્ટ્રક્શન કામના 500 વ્યક્તિ દિવસો લાગવાના હોય;

બાંધકામનું કામ શરૂ કરવામાં આવે તે પહેલાં એચ.એસ.ઈ.ને લેખિત જાણ કરવામાં આવવી જોઈએ; તમે ફોર્મ F10 વાપરી શકો છો. તમારી સૂચના પ્રાસ્તાવિક સાઈટની નજીકની એચ.એસ.ઈ.ની ઓફિસમાં મોકલવામાં આવવી જોઈએ.

- **ફોર્મ F10**

જ્યાં આરોગ્ય અને સુરક્ષાના હેતુઓ માટે લોકલ ઓથોરિટી અમલબજાવણી કરાવતી ઓથોરિટી હોય ત્યાં સી.ડી.એમ. રેગ્યુલેશનો લાગુ પડતાં નથી. એટલે કે જ્યાં કામની સૂચના આપવાની ન હોય, અને તે

- ઓફિસો, દુકાનો અને તેના જેવી જગ્યાઓમાં અંદર કરવામાં આવતું હોય અને જ્યાં બાંધકામનું કામ તે સ્થળ પરની સામાન્ય રોજિંદી પ્રવૃત્તિઓમાં ખલેલ પાડ્યા વગર અને બાંધકામનાં કામોને બીજાં કામોથી અલગ પાડ્યા વગર કરવામાં આવતું હોય; અથવા
- જ્યાં પાઈપો, બોઈલરો અથવા હીટિંગ કે પાણીની સિસ્ટમોના બીજા ભાગો પરથી ઈન્સ્યુલેશનો કાઢવાનું કે તેની જાળવણી કરવાનું કામ હોય;

તો તેની પર સી.ડી.એમ. રેગ્યુલેશનો લાગુ પડતાં નથી.

આ અપવાદો સિવાય, (મકાન તોડી પાડવા અને ભાગો છૂટા કરવાના કામ સહિત) બાંધકામના હેતુસર કરવામાં આવતા ડિઝાઈનના બધાં જ કામોને સી.ડી.એમ. રેગ્યુલેશનો લાગુ પડે છે.

કોન્ટ્રાક્ટરોને લાગેવળગે છે ત્યાં સુધી, સી.ડી.એમ. રેગ્યુલેશનો મકાનો તોડવાં અને ભાગો છૂટા પાડવાનાં બધાં જ કામોને લાગુ પડે છે. તે બાંધકામનાં બીજાં કામોને પણ લાગુ પડે છે, સિવાય કેઃ

- કામ 30 દિવસ કે તેથી ઓછો સમય ચાલવાનું હોય અને તેમાં સાઈટ ઉપર કોઈ પણ એક સમયે પાંચ કરતાં ઓછાં લોકો કામ કરવાનાં હોય; અથવા
- ઘરેલૂ ગ્રાહક માટે કામ કરવામાં આવી રહ્યું હોય (એટલે કે કામ કરવામાં આવી રહ્યું હોય તે દરમ્યાન તે સ્થળ પર રહેતી કે રહેવાની હોય તેવી કોઈ વ્યક્તિ માટે). આવા કિસ્સામાં એચ.એસ.ઈ.ને સૂચના આપવાની અને ડિઝાઈનરો ઉપર મૂકવામાં આવેલી ફરજો જ માત્ર લાગુ પડશે. જો કે અમુક કિસ્સામાં, ઘરેલૂ ગ્રાહકો વિકાસકાર સાથે એગ્રીમેન્ટ કરી શકે, જે વેપાર, ધંધો કે બીજી કોઈ પ્રવૃત્તિ કરતાં હોય. દાખલા તરીકે, વિકાસકાર પ્રોજેક્ટ પૂરો થયા પહેલાં તે ઘરેલૂ સ્થાન વેચી શકે. તે પછી ઘરેલૂ ગ્રાહક અધૂરા મકાનના માલિક ગણાશે, પરંતુ વિકાસકાર હજુ પણ બાંધકામનું કામ પૂરું કરવાની ગોઠવણ કરી આપશે. આવા કિસ્સામાં સી.ડી.એમ.ની શરતો વિકાસકાર ઉપર લાગુ પડે છે.

## સંદર્ભ (રેફરન્સ)

HSG150 - Health and Safety in Construction (ISBN 0717621065 - એચ.એસ.ઈ. બુક્સ પાસેથી મળી શકે છે)